# 'ભીંડા' પાક પર તા. ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ આયોજિત ફિલ્ડ દિવસ પ્રસંગે ખેડૂતોની વિભાગીય સંશોધન કેંદ્રની મુલાકાત

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **<u>તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪</u>** ના રોજ **'ભીંડા'** પાક પર ફિલ્ડ ડેનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ચકલાસી, નરસંડા, અલીન્દ્રા, વાઘજીપુરા, પીપલગ વિગેરે આસપાસના ગામોના પ્રગતિશીલ ખેડૂતો મોટી સંખ્યામાં આવેલ. ડો. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ ડો. મિહિર પંડ્યા, ડો. નીલ પટેલ અને ડો. બોરડ તરફથી સુંદર માહિતી આપેલ.

આ પ્રગતિશીલ ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની નવી સંશોધિત જાતો વિષે માહિતી મળે અને ફિલ્ડમાં પ્રત્યક્ષ જોવા મળે તે હેતુથી વિભાગીય સંશોધન કેંદ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ફાર્મની પણ મુલાકાત ડો. એ. એસ. ભાણવડીયા, નોડલ અધિકારીશ્રી (સીડ)ના માર્ગદર્શન મુજબ ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલે કરાવેલ. જેમાં રાઈની નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા) અને ઘઉંની જાત જી. ડબલ્યુ. ૫૧૩ના ફિલ્ડની પ્રત્યક્ષ મુલાકાત કરવી માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત, ઉનાળુ માગ ની નવી જાત જી. એ. એમ. ૮ (હરા મોતી) અને ડાંગરની નવી જાતો જી. આર. ૨૧ (વાત્રક) તેમજ જી. એ. આર. ૨૨ (સ્વાગત) વિષે પણ વિસ્તૃત માહિતી આપવામા આવેલ.

*********





